**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૧.૪ ડીગ્રી
લઘુતમ : ૨૯.૬ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૨૬ ટકા

# શહેરમાં માનસિક-શારીરિક અસ્વસ્થોથી કોરોના ફેલાવાનો ભય

ગાંધીનગર, તા.૧૪
કોરોના સંક્રમણ રોકવા તંત્ર દ્વારા અથાગ પ્રયત્નો થઈ રહ્યા છે. કોરોના વાયરસનો ફેલાવો અટકાવવા માટે લોકડાઉનનું પગલું અસરકારક સાબિત થઈ રહ્યું હોય તેવુ લાગી રહ્યુ છે. વાયરસ મોટાભાગે બહાર ફરતા ડિલિવરીબોય, શાકભાજીની લારીઓવાળા થકી ફેલાવાની શકયતા રહેલી છે.જેને સુપર સ્પ્રેડર કહે છે, તંત્ર દ્વારા આ દરેકનો મેડિકલ ટેસ્ટ કરી પ્રમાણપત્ર આપવામાં આવી રહ્યા છે. પરંતુ અમુક એવા પણ છે જેની કોઈ શારીરિક તપાસ પણ નથી થઈ રહી અને તેઓ થકી મહામારી ફેલાવાનો ભય રહેલો છે. શહેરમાં ફરતા અને ફુટપાથ જેવી જગ્યા એ વસવાટ કરતા માનસિક અને શારીરિક અસ્વસ્થો છે જે ખુલ્લે આમ વસાહતના મકાનો, સરકારી ક્વાટર્સમાં જમવાનુ મેળવવા ફરતા જોવા મળે છે. જેમની કોઈ શારીરિક તપાસ થઈ નથી તેઓ સંક્રમિત છે કે કેમ તે કોઈ જાણતુ નથી, આ તમામને કોઈ સરકારી ગાઈડલાઈન લાગતી નથી. આવા લોકો સોસાયટી માટે જોખમી છે, તેઓની શારીરિક તપાસ કરવી જરૂરી છે જે આપણને સોસાયટીઓમાં મહામારી ફેલાતી અટકાવવામાં મદદરૂપ થશે. આવું એક ઉદાહરણ સેકટર ૭ - એ માં છે. સેકટર ૭ થી સેકટર-૨ તરફ જવાના રસ્તા પર એક મહિલા રોડ બાજુમાં ખુલ્લામાં વસવાટ કરી રહી છે, જે આમ વર્ષોથી સેકટર-૭માં જ ફરતી હોય છે. આવા ગરીબ અને લાચાર લોકોની મેડીકલ તપાસ થાય તેવી સેકટરના વસાહતીઓની માંગ છે. જેથી તેઓ પણ સ્વસ્થ જીવન જીવે અને સોસાયટીમાંના રહીશો પણ સલામત રહે.



# આઈઆઈટીઈ દ્વારા વર્ગખંડોના સ્વરૂપમાં પરીવર્તન વિષયે આંતરરાષ્ટ્રીય વેબિનાર યોજાયો

## શિક્ષણમંત્રીએ કચ્છના શિક્ષકનું ઉદાહરણ આપી કહ્યું શો મસ્ટ ગો ઓન : વેબિનારમાં દેશ-વિદેશના નિષ્ણાતોએ ભાગ લીધો

ગાંધીનગર, તા. ૧૪
કોરોના મહામારીના પગલે લાગુ પડેલા લૉકડાઉનના પ્રત્યેક તબક્કામાં શિક્ષણ અને શિક્ષણ પ્રશિક્ષણના કાર્ય પ્રત્યે કટિબદ્ધતા સાથે ભારતીય શિક્ષણ પ્રશિક્ષણ સંસ્થાન (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન - આઈઆઈટીઈ) દ્વારા સાતત્યપૂર્ણ રીતે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના વેબિનારનું આયોજન થતું રહ્યું છે. કોરોના વાયરસને કારણે સર્જાયેલી પરિસ્થિતિમાં ઝડપથી લોકસ્વીકૃતિ પામેલી ઓનલાઈન શિક્ષણની વ્યવસ્થાને કારણે વર્ગખંડોનું મહત્ત્વ, તેમની ભૂમિકા અને શિક્ષકો તથા વિદ્યાર્થીઓ વચ્ચેના સંવાદમાં ભવિષ્યમાં ઘણો બદલાવ આવશે. આ વિચારને ધ્યાનમાં લઈને આઈઆઈટીઈ દ્વારા 'ચેન્જિંગ સિનેરિયો ઑફ ક્લાસરૂમ' વિષય પર ૧૪ મે ગુરુવારના રોજ એક આંતરરાષ્ટ્રીય વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબિનારમાં રાજ્યના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી વિભાવરીબેન દવે, શિક્ષણ સચિવ અંજુ શર્મા, શિક્ષણ નિષ્ણાત ભદ્રાયું વચ્છરાજાની વગેરે આ વેબિનારમાં ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.



શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, કોરોના વાયરસની સ્થિતિમાં પણ રાજ્યના શિક્ષકોએ પોતાના વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાના યજ્ઞના ભાગરૂપે નવા નવા ઉપાયો પણ શોધ્યા છે. તેમણે કચ્છના જના ગામના શિક્ષક ઘનશ્યામભાઈનું ઉદાહરણ આપતા કહ્યું લૉકડાઉન અને કોરોના વાયરસની બીમારી જેવી આફતોથી ગભરાવાને બદલે આત્મવિશ્વાસથી આગળ વધવાની પ્રેરણા આપી હતી અને કહ્યું હતું કે લાખો આફત આવે તો પણ 'શો મસ્ટ ગો ઓન'ની વાત ધ્યાનમાં રાખીને આગળ વધતા રહેવું જરૂરી છે. રાજ્ય કક્ષાના શિક્ષણમંત્રી વિભાવરીબેને આપત્તિને અવસરમાં કેવી રીતે ફેરવવી તેની સમજ આપતા શિક્ષણની જરૂરિયાત વિશે વાત કરી તેમણે ઘર-શાળાના વિચારને પણ રજૂ કર્યો હતો.

આ પ્રસંગે ગ્લૉબલ ટીચર અને ટીચર એજ્યુકેટર ડૉ. સ્વરૂપ રાવલે શિક્ષણ પ્રક્રિયામાં કલા અને અભિવ્યક્તિના માધ્યમથી જીવનમૂલ્યોના શિક્ષણના મહત્ત્વને સમજાવ્યું હતું. આ સેમિનારમાં ગલ્ફ (ખાડી દેશો)ની સ્કૂલ્સના મેનેજમેન્ટ સાથે સંકળાયેલા શિક્ષણશાસ્ત્રીઓ ઉપરાંત ફિનલેન્ડ ખાતેની યુનિવર્સિટી ઑફ હેલ્સિંકીના પ્રોફેસર ઉપરાંત રાજ્યનાં શિક્ષણશાસ્ત્રીઓએ ભાગ લીધો હતો. ઉલ્લેખનીય છે કે આ આંતરરાષ્ટ્રીય વેબિનારમાં ભારતના વિવિધ રાજ્યોમાંથી કુલ ૨૦૦૦થી વધુ લોકો ઝૂમ અને ફેસબુક લાઈવના માધ્યમથી જોડાયાં હતાં.

આઈઆઈટીઈના કુલપતિ ડૉ. હર્ષદ પટેલે ભાવિ શિક્ષણની જરૂરિયાતોને પારખીને તે મુજબ શિક્ષકોની તાલીમ અને કૌશલ્ય વિકાસ માટેની આઈઆઈટીઈના પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આઈઆઈટીઈના ડીનશ્રી ડૉ. કલ્પેશ પાઠકે આ વેબિનારનું સંચાલન અને રજિસ્ટ્રાર હિમાંશુ પટેલે વેબિનારને અંતે તમામ વકતાઓ અને શ્રોતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# બિનજરુરી કામ વિના ફરતા નાગરીકો પોલીસની ઝપટે

ગાંધીનગર, તા.૧૪
કોરોનાનું સંક્રમણ અટકે તે માટે તંત્ર દ્વારા લોકડાઉન કરવામાં આવ્યું છે. તેમ છતા કેટલાક નાગરીકો ઘરમાં પુરાઈ રહેવાને બદલે કોઈને કોઈ કારણોસર ઘરની બહાર આંટા મારવા માટે નીકળતા હોય છે. ત્યારે બિનજરુરી કામ વિના ફરતા નાગરીકો પોલીસની ઝપટે આવી જાય છે. ત્યારે ગાંધીનગર શહેરના સેકટર-૭ પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં વાવોલ તરફ હતા ત્યારે ભુમિપાર્ક સોસાયટીમાં બિનજરુરી આંટાફેરા મારતા પ્રવિણસિંહ શૈલેષસિંહ ખટોલીયા અને સોનુભા પ્રહલાદસિંહ ઝાલા અને ગોવિંદભાઈ રતનસિંહ રાજપૂતને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી હતી. જયારે સેકટર-૨૧ પોલીસે ડ્રોનથી સર્વેલન્સ કરતા વાસ્તુ નિર્માણ સોસાયટી ઈવનીંગ વોકમાં નીકળેલા રણછોડભાઈ રત્નાજી પ્રજાપતિ ઘરમાં કંટાળો આવતા ચાલવા માટે નીકળ્યા હતા. જયારે સે-૨૬ ગ્રીનસીટી ખાતે શાકભાજીની લારી લઈને નીકળનાર રામાભાઈ બબાભાઈ દંતાણીને પકડી ને જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો હતો. જયારે સેકટર-૨૯ માંથી ૧, માધવગઢમાંથી ૧, પ્રાંતિયામાંથી ૨, અને વલાદ ખાતેથી ૧ યુવકને પકડી પાડી તેની સામે પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

# નગરની આશ્કા હોસ્પિટલ હવે ખાનગી ધોરણે કોવિડ ૧૯ ની સારવાર અર્થે કાર્યરત

ગાંધીનગર, તા.૧૪
નગરમાં કોરોના વાયરસનું સંક્રમણ દિવસેને દિવસે વધી રહ્યું છે. નગરની સરકારી હોસ્પિટલમાં કોરોના ગ્રસ્ત દર્દીઓને સારવાર આપવામાં આવી રહી છે. આ સાથે સરકારી હોસ્પિટલ સીવાય હાલમાં ખાનગી હોસ્પિટલોને પણ કોવિડ ૧૯ હોસ્પિટલ જાહેર કરવામાં આવી રહી છે. જેમાં ગાંધીનગરની આશ્કા હોસ્પિટલનો પણ હાલ કોવિડ-૧૯ હોસ્પિટલમાં સમાવેશ કરવામાં આવ્યો છે. દાખલ થયેલા કોરોનાના દર્દીઓની સારવાર અહીં ખાનગી ધોરણે કરવામાં આવશે.

નગરમાં કોરોનાના કેસ વધી ગયા છે અને સિવિલ હોસ્પિટલમાં કોરોના સહિત અન્ય રોગ માટેના દર્દીઓ ખૂબ મોટા પ્રમાણમાં આવતા હોવાથી પરસ્પર સંક્રમણ થવાની સંભાવના હતી. જેને ટાળવા ન્યુ ગાંધીનગરમાં સરગાસણ નજીક આવેલી આશ્કા મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલને કોવિડ-૧૯ હોસ્પિટલ તરીકે જાહેર કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આઈસીયુ - વેન્ટિલેટર સાહિત અદ્યતન સુવિધાઓ સાથે નિષ્ણાંત તબીબો અને અનુભવી પેરામેડિકલ સ્ટાફ ધરાવતી આ હોસ્પિટલમાં હવે કોવિડ-૧૯ ની વધુ એક સુવિધાનો ઉમેરો કરવામાં આવ્યો છે. આ હોસ્પિટલમાં લક્ષણો વિનાના તેમજ અતિ ગંભીર ન હોય તેવા કોરોના પોઝિટિવ કેસોની સારવાર હોસ્પિટલમાં ઉભા કરાયેલા અલાયદા વોર્ડમાં ખાનગી ધોરણે કરવામાં આવશે.

# પતિ અને સાસરીયાઓએ કાઢી મુકતા પરિણિતાએ લારી નીચે રાત વિતાવી

ગાંધીનગર, તા.૧૪
ગાંધીનગર જિલ્લામાં પતિના મોબાઈલ પત્નીના વોટ્સએપમાં શંકાસ્પદ મેસેજ જોઈ જોતા તે અંગે પતિને પુછતા પરિણિતાને પતિ અને સાસરીયાઓએ મારીને લોકાડાઉન દરમિયાન ઘરમાંથી હાંકી કાઢી હતી. મહિલાએ પતિના વોટ્સએપમાં મેસેજ શંકાસ્પદ જોયા હતા. જેથી મેસેજ અંગે પુછતાછ કરતા પતિ રોષે ભરાતા મારપીટ કરી હતી. ત્યારબાદ ઓછુ હોય તેમ સાસુ સસરાએ પણ મહિલાને ઘરમાંથી કાઢી મુકી હતી. લોકડાઉનના સમયગાળામાં મહિલાએ માર્ગ પર પડેલી લારી નીચે આખી રાત ભયના ઓથાર હેઠળ વિતાવી હતી. સવારે દુધ લેવા માટે નીકળેલા એક મહિલાની નજર રડી રહેલી પરિણિતા પર પડી હતી. મહિલાએ પરિણિતાને સાંત્વના આપી ૧૮૧ ની ટીમને જાણ કરી હતી. જેને પગલે તાત્કાલીક પહોંચી ગયેલી ટીમ સમક્ષ પરિણિતાએ આપવીતી જણાવી હતી. જેમાં તેને કહ્યું હતું કે તેના લવમેરેજ છે અને હાલ લગ્નજીવનમાં તેને ૮ માસના જોડીયા સંતાનો છે. સમગ્ર હકીકત જાણ્યા પછી ૧૮૧ ની ટીમ મહિલાને તેની સાસરીમાં લઈ ગઈ હતી. ત્યારે મહિલાને જોતા જ તેના સસરાએ ઘરમાં ઝઘડો શરુ કર્યો હતો. સમજાવટ છતા નહી સમજેલા સસરાએ પરિણિતાને મારવા માટે ઈંટ ઉપાડી હતી. આ મુદ્દે સમાધાન નિષ્ફળ જતા ૧૮૧ની ટીમે મહિલાને તેના જોડીયા સંતાનો અને કપડા અપાવીને કંટ્રોલરૂમમાં ફોન કરી પોલીસ બોલાવી હતી. પોલીસ કર્મચારીઓની હાજરીમાં પણ સમાધાનના પ્રયાસ નિષ્ફળ જતા આખરે પરિણિતાએ આ મુદ્દે ગુનો નોંધાવવા માટે કાર્યવાહી શરુ કરી હતી.

# ચંદ્રાલા પાસે વિદેશી દારૂની બે બોટલ સાથે કાર ચાલક ઝડપાયો

ગાંધીનગર, તા.૧૪
ચિલોડા-હિંમતનગર હાઈ વે પર ચંદ્રાલા નાકા પોઈન્ટ પાસે વિદેશી દારૂની બે બોટલ સાથે કાર ચાલક ઝડપાયો હતો. ચિલોડા પોલીસનો સ્ટાફ વાહન ચેકીંગ કરી રહ્યો હતો. તે સમયે જી.જે.૨૭.બી.એચ.-૪૪૫૪ નંબરની સ્વીફ્ટ ડિઝાયર કાર આવી હતી. જેમાં ચેક કરતા વિદેશી દારૂની બે નાની બોટલો મળી આવી હતી. જેને પગલે પોલીસેકાર ચાલક જીગર રમણભાઈ પાતળીયા (ઉં.૩૦ અમદાવાદ)ને દારૂ અંગે પુછતાછ કરતા તેણે કોઈ જવાબ આપ્યો ન હતો.આ ઉપરાંત તેની પાસે કારના કાગળો પણ ન હતા. જેથી પોલીસે રૂ.૬૪૦ ની કિંમતનો દારૂ અને રૂ.૨.૫૦ લાખની કિંમતની કાર કબ્જે લઈને યુવક સામે પોલીસે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.




કોરોનાને લીધે ગાંધીનગર રેડ ઝોનમાં આવતા લૉકડાઉનને વધુ કડક બનાવાયું છે. જેથી શ્રમિકોની હાલત કફોડી બનતા શહેરના જુદા જુદા સ્થળોએ રહેતા પરપ્રાંતિયોની હજુ વતન ભણી દોડ ચાલુ જ છે. દરરોજ મોટી સંખ્યામાં પરપ્રાંતિય શ્રમિકો વતન જઈ રહ્યા છે. ગાંધીનગર એસ.ટી.ડેપો પાસે બસની રાહ જોઈ રહેલા શ્રમિકોનું હેલ્થ સ્કીનીંગ કરવામાં આવી રહ્યું છે તથા તેમને પાસ આપવામાં આવી રહ્યા છે. આ શ્રમિકો માટે માટે તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

# લાયન્સ કલબ ઈન્ટરનેશનલ દ્વારા ઈ એન્યુઅલ ડિસ્ટ્રિક્ટ કોન્ફરન્સ યોજાઈ

ગાંધીનગર, તા.૧૪
લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રીકટ ૩૨૩૨-બી ૧ દ્વારા વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈને ઈ ડિસ્ટ્રિક્ટ કોન્ફરન્સ યોજાઈ હતી. સંસ્થાના તમામ નીતિ નિયમો અને બંધારણ સાથે યોજાયેલ આ કોન્ફરન્સમાં ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન દીપક ત્રિવેદી દ્વારા કોવીડ-૧૯માં પણ સેવા કાર્યો કરવા બદલ બધી જ લાયન્સ કલબના પ્રમુખોને બિરદાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત પાસ્ટ ઈન્ટરનેશલ ડિરેક્ટર પ્રવિણ છાજેડે દ્વારા લાયન મેમ્બર્સ દ્વારા પ્રધાનમંત્રી /મુખ્યમંત્રી રાહત ફંડ કોષમાં તથા ઘણા બધા સેવા કાર્યો માટે ૧૧૫ કરોડ થી વધુની માટે સહાય કોરોના હીરો કો સલામ ના નેશનલ ટીવી પર ના પ્રોગ્રામની જાહેરાત કરવામાં આવી હતી.

૨૦૨૦-૨૧ ના ઉમેદવાર પદના ગવર્નર માટેની ચૂંટણી માટે ઈ વોટ મેળવવામાં આવ્યા હતા. જેમાં આગામી વર્ષના ડિસ્ટ્રિક્ટ ગવર્નર તરીકે લાયન નરેન્દ્ર પટેલ, પ્રથમ વાઈસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર તરીકે લાયન જગદીશચંદ્ર અગ્રવાલ અને દ્વિતીય વાયરસ ગવર્નર તરીકે લાયન રસિક પટેલ જંગી બહુમતીથી ચૂંટાઈ આવ્યા હતા. નવા ચૂંટાયેલા ડિસ્ટ્રિક્ટ ગવર્નર એ તેમની બીજી ટીમની જાહેરાત કરી હતી. જેમાં કેબિનેટ સેક્રેટરી હિરેન મેવાડા ની નિમણૂક કરવામાં આવી હતી તથા કેબિનેટ રેઝર તરીકે દક્ષેશ સોની નિમાયા હતા. આ ઉપરાંત નવા વર્ષની કોર ટીમની પણ જાહેરાત કરવામાં આવી હતી. સાથે સાથે આગામી વર્ષનું સ્લોગન **kindness matters** આપવામાં આવ્યું ચાર કલાક સુધી ચાલેલા પ્રોગ્રામમાં ઉપસ્થિત સર્વે દ્વારા નવી ટીમને અભિનંદન અને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

**ચિરવિદાય**
- સ્વ. અનિલકુમાર વિષ્ણુપ્રસાદ વ્યાસ, ઉ.વ. ૬૫
- સ્વ. ત્રિવેદી લાલજીભાઈ હીરાલાલા, ઉ.વ. ૫૫
- સ્વ. નટવરલાલ રણછોડભાઈ મકવાણા, ઉ.વ. ૫૯
- સ્વ. મફતભાઈ બળવંતભાઈ દેવીપુજક, ઉ.વ. ૪૦
- સ્વ. ઈન્દુબેન નૌતમલાલ નિમાવત, ઉ.વ. ૭૩

# ગાંધીનગરમાં કોરોના વોરિયર્સના સન્માનમાં વધુ એક વિડિયો

## વાવોલના શાલિન-પના ગૌરાંગ પટેલે બનાવ્યો વિડિયો : પોલીસ કર્મીઓને દરરોજ સાવરે ચ્હા પીવડાવવાની સેવાના વિડિયોમાં તમામ કોરોના વોરિયર્સને આવરી તેમના પ્રત્યે અહોભાવ વ્યક્ત કર્યો

ગાંધીનગર, તા.૧૪
કોરોના કટોકટી દરમિયાન ગાંધીનગરમાં યુવા સર્જકોએ વિવિધ વિડિયો સોંગ્સ બનાવી લોન્ચ કર્યા છે. જેમાં કોરોના મહામારી સામે જનજાગૃતિ તેમજ કોરોના વોરિયર્સની કામગીરીને બિરદાવતા વિડિયોનો સમાવેશ થાય છે. વાવોલના શાલિન-૫ એપાર્ટમેન્ટમાં રહેતા ગૌરાંગ પટેલે પણ એક વિડિયો બનાવી ગાંધીનગરના કોરોના વોરિયર્સને સન્માનવાનો પ્રયાસ કર્યો છે.

છેલ્લા દોઢ માસ કરતાં પણ વધુ સમયથી દેશભરમાં કોરોના વોરિયર્સ ખાડે પગે લડત આપી રહ્યા છે અને પોતાના જીવના જોખમે લડતા આ કોરોના વોરિયર્સને કયાંક આવકાર મળ્યો છે તો કયાંક અપમાન મળ્યુ છે, કયાંક તેમના પર ફૂલો વરસ્યા છે તો કયાંક તેમના પર પત્થર, કયાંક તેમણે પ્રોત્સાહન મળ્યું છે તો કયાંકથી તેમને નિરાશા પ્રાપ્ત થઈ છે. આમ છતાં તેઓ આ કાર્ય પૂરી લગન અને નિષ્ઠાથી કરી રહ્યા છે અને એટલા માટે જ તો ભારતમાં આટઆટલી વિષમતાઓ અને આટઆટલી બેદરકારી હોવા કોરોનાનો કહેર ભારતમાં અન્ય દેશોના પ્રમાણમા ખૂબ ઓછો પ્રસર્યો છે. ગાંધીનગરમાં પણ કોરોના વોરિયર્સ દિવસ રાત જોયા વગર પોતાની ફરજ બજાવી રહ્યા છે. અને સેવાભાવી નાગરિકો અને સંસ્થાઓ કોરોના વોરિયર્સને મદદરૂપ થઈ નિસ્વાર્થ સેવા પણ કરી રહ્યા છે. વાવોલના શાલીન-૫ એપાર્ટમેન્ટમાં રહેતા યુવાનો દ્વારા છેલ્લા દોઢેક માસથી દરરોજ સવારે શહેરમાં વિવિધ પોઈન્ટ પર તેનાત પોલીસ કર્મીઓને ગરમાગરમ ચ્હા પીવડાવી સ્ફૂર્તિ પ્રદાન કરવાની સેવા આપી રહ્યા છે. આ યુવાનો પૈકીના એક ગૌરાંગ પટેલે તેમની આ સેવા દરમ્યાન એક વિડિયો તૈયાર કર્યો છે જેમાં તેમણે પોલીસ કર્મીઓ સહિત અન્ય કોરોના વોરિયર્સની સેવાઓને પણ આવરી લઈ તેમને બિરદાવવા પ્રયાસ કર્યો છે. આ વિડિયોમાં તેમણે ગાંધીનગર શહેરના માર્ગો પર લોકડાઉન દરમ્યાનના દશ્યોને આવરી લઈને કોરોના વોરિયર્સની સેવા અંગે દરેક દશ્ય આધારિત પ્રોત્સાહનના ભાગરૂપે વાક્યો પણ લખ્યા છે એટલું જ નહીં પરંતુ તેમણે કોરોના મહામારીથી બચવા રાખવા જેવી સાવચેતીઓ અંગે જનજાગૃતિ ફેલાવતા સંદેશને પણ આવરી લીધો છે. વળી, તેમણે આ વિડિયોમાં દરેક નાગરિકને મહામારીના આ સમયમાં સરકારને પડખે રહી મદદરૂપ થવા વડાપ્રધાન કે મુખ્યમંત્રી રાહત ફંડમાં દરેક નાગરિકે પોતાના દરરોજના ચ્હા-નાસ્તાના ખર્ચમાંથી બચત કરી જેનાથી જેટલું શક્ય હોય તેટલું દાન આપવા અનુરોધ પણ કર્યો છે. આ વિડિયોને સોશિયલ મીડિયા પર સારો આવકાર પ્રાપ્ત થઈ રહ્યો છે.




